# હળવા વરસાદથી ગાંધીનગર ભિંજાયું

**શહેરમાં હળવા વરસાદી ઝાપટાથી ભીંજારો વાતાવરણ ખુશનુમા : અડધો ઇંચ વરસાદ થયો સિઝનનો અત્યાર સુધી ૧૨૦ મી મી વરસાદ નોંધાયો છે : સેકટરોમાં પાણીના ખોબોચિયા ભરાયા : અડધા ઇંચ વરસાદથી ઠંડક પ્રસરી**





ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં ગરમીથી ગુંગળાતા નગરજનોએ આજે વરસાદના હળવા ઝાપટાથી રાહત અનુભવી હતી. રોજબરોજ આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસ્યા વિના જ વિદાય લેતા નગરજનો વરસાદની લુપાછુપીથી બેચેન બન્યા હતા. પરંતુ આજે વાતાવરણ પલ્ટા સાથે વરસાદના હળવા ઝાપટાથી શહેરમાં ઠંડક પ્રસરી હતી. જયારે સેકટરોમાં પાણીના ખાબોચિયા ભરાયા હતા. દિવસના અંતે અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. ગાંધીનગરમાં સિઝનનો ૧૨૦ મી મી વરસાદ થયો છે. હવે મેઘરાજા મુશળધાર વરસે તેવી આશ નગરજનોમાં પ્રબળ બની છે.

ગાંધીનગરમાં હળવા ભારે વરસાદી ઝાપટાના લીધે આજે દિવસ દરમિયાન ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. ગઈકાલે રાત્રે તેમજ આજે બપોરે પણ વરસાદના ઝાપટુ વરસતા સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. વરસાદી ઝાપટાના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે લવલી મોસમનો નઝારો સર્જાયો હતો. વરસાદી વાતાવરણના લીધે નગરજનોએ આકરી ગરમીમાં રાહત અનુભવી હતી. જો કે વરસાદના અંતે વાતાવરણમાં ફરી ઉકળાટ પ્રવર્તાયો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૨ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૫.૮ નોંધાયુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે ૮૬ અને સાંજે ૯૧ ટકા રહ્યુ હતુ. વરસાદી વાદળોના ઘેરાવા તેમજ હળવા ભારે ઝાપટા સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ નોંધપાત્ર વધ્યુ હતુ. દિવસના અંતે અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો.ગાંધીનગરમાં સિઝનનો અત્યાર સુધીનો ૧૨૦ મી મી વરસાદ નોંધાયો છે. જો કે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા૨૮ જુલાઈથી રાજયમાં ધોધમાર વરસાદ વરસશે જેથી નગરજનો મેઘરાજા મુશળધાર વરસે તેની વાટે છે.

● અનુસંધાન પાન-૭ પર

## રહેણાંક વિસ્તારમાં વાણિજ્ય પ્રવૃત્તિ કરતા એકમો સામે મનપાની લાલ આંખ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા રહેણાંક વિસ્તારમાં વાણિજ્યક કામગીરી કરતા એકમોના સીલીંગની કાર્યવાહી હાથ ધરતાં વેપારી આલમમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મનપાના તંત્ર દ્વારા સે. ૭ અને સે. ૨૧ના એકમો સામે આ પ્રકારના પગલાં લેતા પહેલા નોટીસો આપી હતી પરંતુ ખુલાસો તંત્ર દ્વારા ગ્રાહ્ય રાખવામાં ન આવતાં આજે સીલીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે તંત્ર દ્વારા લારી-ગલ્લાઓ દ્વારા થયેલા ગેરકાયદે દબાણો પણ સે. ૨૧ અને ઘ-૩ વિસ્તારમાંથી દૂર કરવામાં આવ્યા હતા.

મનપા દ્વારા એકાએક સીલીંગની કાર્યવાહી હાથ ધરાતાં વેપારી આલમમાં પણ આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. એવુ પણ જાણવા મળેલ છે કે આજે તંત્ર દ્વારા બે જેટલી ગેરકાયદે ચાલતી લાયબ્રેરીઓનું પણ સીલીંગ કરવામાં આવ્યું છે.

## મુબારકપુરમાં દિપડો દેખાયો : વનતંત્ર એલર્ટ મોડમાં : ગ્રામજનો પણ સજાગ

**ગાંધીનગર આસપાસના ગામો ખુંદતો દિપડો છેલ્લા ૬ મહીનાથી વનતંત્રના હાથમાં લાગતો નથી**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા આઠ મહીનાથી દિપડો આંટા મારતો હોવાની ફરિયાદો સતત ઉઠતી રહી છે. જયારે વનતંત્રના અધિકારીઓ પણ આ મામલે સર્ચિંગ કરી પાંજરુ મુકીને દિપડાને પકડવા માટે પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ દિપડો હાથ લાગતો નથી. ગઈકાલે મુબારકપુર પાસે ઝાડી વિસ્તારમાં દિપડાએ દેખા દેતા વનતંત્રએ આ વિસ્તારમાં સર્ચિંગ હાથ ધરી પાંજરુ મક્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા આઠ મહીનાથી દિપડો આંટા મારતો હોવાના સમાચાર અનેકવાર પ્રકાશમાં આવે છે. ગાંધીનગર શહેરમાં ગત ધનતેરસના દિવસે સચિવાલયમાંથી દિપડો ઝડપાયા બાદ શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં દિપડાએ દેખા દીધી હોવાની ફરિયાદ અનેકવાર ગ્રામજનોમાં ઉઠવા પામી છે. છેલ્લા ઘણાં સમયથી પીંપળજ-પીંડારડા સહીત અલુવા જંગલ વિસ્તારમાં દિપડાએ અડ્ડો જમાવ્યો હોવાની વાત પણ સામે આવી છે. વનતંત્રએ દિપડાને કેદ કરવા માટે અનેક પ્રયાસો કર્યા છે. પરંતુ હજુ સુધી આ દિપડો વન વિભાગના હાથમાં લાગ્યો નથી. દિપડાને કેદ કરવા માટે વનતંત્રએ બે દિવસ અગાઉ બનાસકાંઠામાંથી દિપડા નિષ્ણાંતની ટીમની પણ મદદ લીધી છે. ત્યારે ગઈકાલે દિપડો મુબારકપુરમાં દેખાયો હોવાનુ સ્પષ્ટ થયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## અમારી પાસે ટાઈપનુ કામ કરાવો તો સ્ટેમ્પ વેચાણ આપીશુ : સ્ટેમ્પ વેન્ડરો

**સ્ટેમ્પ વેન્ડરોની આ હરકત સામે વકીલોએ જિલ્લા કલેકટરને રજુઆત કરી**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં સ્ટેમ્પ વેન્ડરો મનસ્વી વર્તણુંક સામે વકીલોએ જિલ્લા કલેકટરને રજુઆત કરી છે. શહેરના સ્ટેમ્પ વેન્ડરો પોતાની પાસે ટાઈપ કરાવે તેવા અરજદારોને જ સ્ટેમ્પ આપતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જેના લીધે અરજદારોને સ્ટેમ્પ મળતા નથી. આ અંગે યોગ્ય તપાસ કરી જવાબદાર સામે પગલા લેવાય તેમ પણ રજુઆતમાં જણાવાયુ છે.

એડવોકેટ જશવંતલાલ જયસ્વાલે આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ સ્ટેમ્પ વેન્ડરોની લાયસન્સ આપીને નિમણુંક કરવામાં આવી છે. જયારે આ સ્ટેમ્પ વેન્ડરો સ્ટેમ્પનુ વેચાણ કરતા નથી. જયારે સ્ટેમ્પ ઈચ્છુકોને પોતાની પાસે ટાઈપ કરાવે તો જ સ્ટેમ્પ આપવામાં આવશે તેમ જણાંવી સ્ટેમ્પ વેન્ડરો મનમાની કરે છે. નોટરી કરાવવુ હોય તો અમારી પાસે ટાઈપ કરાવો તો જ સ્ટેમ્પ વેચાણ આપીશુ તેવુ સંભળાવી દેવામાં આવતુ હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. જયારે ગાંધીનગરના સ્ટેમ્પ વેન્ડરો જે દિવસે ટ્રેઝરી કચેરીમાંથી સ્ટેમ્પ વેચાણથી મેળવે છે તે જ દિવસે પોતાના લાગતા

● અનુસંધાન પાન-૭ પર

## સે-૧૬માં ૬૪ આવાસો તોડવાનુ કામ શરૂ કરાશે

**ચ અને છ કક્ષાના જુના અને જોખમી આવાસો તોડવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઇ : અગાઉ પણ ૨૬ જેટલા મકોનો તોડી નાંખવામાં આવ્યા હતા**

ગાંધીનગર તા ૨૬

શહેરના સે-૧૬ માં ચ અને છ કક્ષાના ૬૪ મકાનો તોડવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરાશે. વર્ષો જુના ખંડેર અને જોખમી મકાનો તોડવા માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે આ આવાસો તોડીને ખુલ્લી જગ્યામાં નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવશે. શહેરમાં હાલ સે-૬ માં જુના આવાસો તોડીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે.

શહેરમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય નથી.અલબત્ત જોખમી આવાસો ખાલી કરાવવા માટે પણ માર્ગ મકાન વિભાગ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નગરના જુદા જુદા સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો સંદર્ભે અગાઉ સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે મોટાભાગના મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. ત્યારબાદ તબક્કાવાર મકાનો તોડવા માટે કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. સરકારી રહેણાંક વિસ્તારમાં જુના અને ભયજનક આવાસો તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે.જયારે સે-૬ માં પણ જોખમી આવાસા તોડીને નવા મકાનો બાંધવા માટેનુ કામ શરૂ કરી દેવાયુ છે.

જયારે હવે અન્ય સેકટરોમાં પણ નવી ટાવર કોલોનીનુ નિર્માણ હાથ ધરવા માટે આયોજન કરાશે. એકબાજુ સરકારી ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. ત્યારે જુના આવાસોનો કડુસલો કરીને નવા આવાસો બનાવવા પણ અનિવાર્ય છે. આવા સંજોગોમાં જુના અને ખંડેર મકાનો તોડવા માટે ઝડપી કામ હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. સે-૧૬ માં પણ અગાઉ ૨૬ જેટલા મકાનો તોડી નાંખવામાં આવ્યા હતા સેકટરોમાં ભયજનક કેટેગરીમાં આવતા ચ અને છ કક્ષાના કુલ ૧૦૦ આવાસો પૈકી બાકી રહેતા અન્ય ૬૪ મકાનો પણ હવે તોડી નાંખવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે મકાનો તોડવાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે.

## ૫૦ સાહસોનો નફો ૫૧૧૩ કરોડ, ૧૯ સાહસોની ખોટ ૩૮૧૩.૯૩ કરોડ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત સરકારના ૭૩ કાર્યરત જાહેર સાહસો પૈકી ૫૦ સાહસોએ ૫૧૧૩.૯૪ કરોડ રૂપિયાનો નફો કર્યો છે જયારે ૧૯ સાહસોએ ૩૮૧૩.૯૩ કરોડ રૂપિયાની ખોટ કરી છે. બાકીના ચાર સાહસોએ નફો પણ કર્યો નથી અને ખોટ પણ કરી નથી.

ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્ય સરકારને ૫૦ નફો કરતા જાહેર સાહસો પાસેથી ૯૭.૮૯ કરોડ રૂપિયાનું ડિવિડન્ડ મળ્યું હતું. સરકારના આ સાહકોમાં અઢળક મૂડીરોકાણ કરવામાં આવે છે પરંતુ વળતરની ટકાવારી માત્ર ૧.૯૧ જોતાં સરકારે આવા સાહસો માટે યોગ્ય ડિવિડન્ડ નીતિ ઘડવાનું વિચારવું જોઈએ.

**ગુજરાત વિધાનસભામાં ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ પુરા થતાં વર્ષનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે જે બોર્ડ કોર્પોરેશન નફો કરે છે તે આ પ્રમાણે છે...**

| | |
|---|---|
| ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ | ૧૦૧૦.૮૧ કરોડ |
| ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન | ૬૬૮.૮૧ કરોડ |
| ગુજરાત રાજ્ય વીજ નિગમ | ૫૯૬.૦૭ કરોડ |
| ગુજરાત ખનીજ વિકાસ નિગમ | ૫૫૬.૯૩ કરોડ |
| ગુજરાત ગેસ લિમિટેડ | ૪૬૨.૮૪ કરોડ |

**ગુજરાતના જે ૧૯ બોર્ડ કોર્પોરેશન ખોટ કરે છે તે પૈકી મોટી ખોટ કરતાં સાહસોની યાદી આ પ્રમાણે છે...**

| | |
|---|---|
| ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ | ૧૫૬૪.૬૪ કરોડ |
| સરદાર સરોવર નર્મદા નિગમ | ૧૦૭૫.૮૦ કરોડ |
| ભાવનગર એનર્જી કંપની લિમિટેડ | ૬૧૭.૩૧ કરોડ |
| ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ | ૨૬૪.૮૧ કરોડ |
| ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ | ૧૩૭.૫૩ કરોડ |

છેલ્લા હિસાબો પ્રમાણે ૭૩ કાર્યરત જાહેર સાહસોમાં રોકાણો અને એકત્રિત નુકશાન અનુક્રમે ૧૫૬૬૧૫.૯૫ કરોડ અને ૯૯૪૯.૭૮ કરોડ રૂપિયા રહ્યું હતું. ૩૧મી માર્ચ ૨૦૧૮ના રોજ રાજ્યના જાહેર સાહસોની ચોખ્ખી સંપત્તિનું મૂલ્ય હકારાત્મક હતું. ૭૩ સાહસો પૈકીના નવમાં ચોખ્ખી સંપત્તિમાં ધોવાણ થયું છે. આ નવ સાહસોમાં ભરપાઈ મૂડી ૧૦૨૦૨.૪૦ કરોડ અને એકત્રિત નુકશાન ૨૨૪૩૧.૬૩ કરોડ રૂપિયા છે.

૭૩ કાર્યરત એકમોમાં મૂડીરોકાણ ૨૦૧૩-૧૪માં ૧૧૦૩૧૯.૬૬ કરોડ રૂપિયા હતું તે વધીને ૨૦૧૭-૧૮માં ૧૫૬૬૧૫.૯૫ કરોડ થયું

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રેજ્યુઈટી ચુકવવાની રકમમાં મોટી બચત થઈ

**રાજ્યની મહેસુલી તેમજ કરવેરાની આવકમાં વૃદ્ધિ થઈ**

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યમાં સ્વૈચ્છીક ધોરણે નિવૃત્ત થનાર વ્યક્તીઓ અથવા નોકરી દરમ્યાન અવસાન પામનાર વ્યક્તીઓની સંખ્યાનો ચોક્કસ અંદાજ બાંધવાનું મુશ્કેલ હોવાથી ''ગ્રેજ્યુઈટી''ની ફાળવવામાં આવેલ રકમમાં મોટી બચત થઈ હોવાનું સરકારે કબુલ્યુ છે.

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં ભારતના ઓડિટર જનરલ દ્વારા રાજ્યની નાણાંકીય સ્થિતિ અંગેના અહેવાલમાં આ બાબત દર્શાવવામાં આવી છે.

૨૦૧૫-૨૦૧૮ દરમ્યાન કરવામાં આવેલી રૂ. ૪૦૩૧.૧૩ કરોડની જોગવાઈ સામે માત્ર ૨૬૫૦.૬૯ કરોડ વાપરી શકાયા હતા. આટલી મોટી રકમની બચત અંગે કેગ દ્વારા પૃચ્છા કરવામાં આવતાં માર્ચ-૨૦૧૯માં સરકારે આ જવાબ આપ્યો હતો.

રાજ્યની નાણાંકીય સ્થિતિ અંગેના કેગના આ અહેવાલમાં એવુ પણ નોંધ્યુ છે કે જાહેર ઋણની આવકમાં રૂ. ૭૧૫.૫૭ કરોડ જેટલો ઘટાડો થયો હતો. જ્યારે જાહેર ઋણની ચુકવણીમાં રૂ. ૪૬૨૭.૦૬ કરોડ જેટલો વધારો થયો હતો.

જાહેર હિસાબની ચોખ્ખી આવક રૂ. ૧૧૭૬.૫૦ કરોડ જેટલી ઘટી હોવાની ચોંકાવનારી વિગતો પણ આ અહેવાલમાં નોંધવામાં આવી છે. આ અહેવાલમાં જણાવાયા મુજબ મહેસુલી આવક પાછળના વર્ષ કરતાં ૧૨.૨૪ ટકા વધી હતી. ભારત સરકાર તરફથી અનુદાનમાં ૨૦.૧૮ ટકા, કેન્દ્રીય કરવેરામાં રાજ્યના હિસ્સામાં ૧૦.૩૪ ટકા જ્યારે રાજ્યની કરવેરા આવકમાં ૧૧.૦૩ ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો.

## ગુજરાતના વિભાગોમાં ચોરી ઉચાપત ગેરરીતિના કિસ્સા ૨૫ વર્ષથી પેન્ડીંગ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત સરકારના વિભાગોમાં ચોરી, ઉચાપત, ગેરરીતિ અને નુકશાન કર્યાના કિસ્સા છેલ્લા ૨૫ વર્ષથી પેન્ડીંગ રહ્યાં છે. સરકારે આ કેસોમાં પ્રાથમિક તપાસ પૂર્ણ કરી નથી અથવા તો અદાલતમાં કેસો ચાલુ છે પરિણામે આક્ષેપિત કર્મચારીઓને સજા થઈ શકી નથી.

ગુજરાત સરકારે ૧૫૭ કેસોમાં ૧૪.૫૦ કરોડ રૂપિયાની માતબર રકમ ગુમાવી છે છતાં ગેરરીતિ કે ઉચાપત કરનારા કર્મચારીઓ બિન્દાસ નોકરી કરી રહ્યાં છે. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના રિપોર્ટમાં આ ગોટાળા બહાર આવ્યા છે. રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે પાંચ વર્ષ સુધીના કિસ્સાની સંખ્યા ૪૪ છે. ૧૦ વર્ષ સુધીના કિસ્સાની સંખ્યા ૧૩ અને ૧૫ વર્ષ સુધીના કિસ્સાની સંખ્યા ૧૫ થવા જાય છે. એ ઉપરાંત ૨૦ થી ૨૫ વર્ષના કેસોની સંખ્યા ૧૬ જોવા મળી છે અને ૨૫ વર્ષથી ઉપરના કિસ્સાની સંખ્યા સૌથી વધુ ૬૦ માલૂમ પડી છે.

કેગના રિપોર્ટમાં સરકારની ટીકા કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે સરકારને નુકશાન કરતા કર્મચારીઓ સામે ઝડપથી પગલાં લઈને તેમને સજા કરવી જોઈએ. ૧૫૭ કિસ્સાઓ પૈકી ૨૪ કિસ્સા નર્મદા વિભાગના છે. મહેસૂલ વિભાગના કિસ્સાની સંખ્યા ૨૧ થાય છે જે ૨૫ વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડીંગ છે. માત્ર ૬૮ કિસ્સાઓમાં પ્રથમદર્શી માહિતી દાખલ કરવામાં આવી છે.

સરકારના વિભાગો તરફથી કેગને જણાવવામાં આવ્યું છે કે પેન્ડીંગ રહેલા કિસ્સામાં ખાતાકીય ફોજદારી તપાસ બાકી છે. ખાતાકીય પગલાંનો નિર્ણય બાકી છે. ફોજદારી કાર્યવાહી થઈ છે પરંતુ વસૂલાત પ્રમાણપત્ર આપવાનું બાકી છે. વસૂલાત અથવા માંડવાળના હુકમો બાકી છે. અદાલતોમાં કેસ પણ ચાલુ છે. ૧૫૭ પૈકી ૭૨ કિસ્સાઓ કાનૂની નિર્ણયની પ્રક્રિયામાં છે અને ૨૩ કિસ્સાઓમાં ખાતાકીય પગલાં લેવાના બાકી છે. સરકારને મોટી રકમનું નુકશાન સરકારના જ કર્મચારીઓએ કરાવ્યું છે કે જેમણે ચોરી કરી છે. ઉચાપત કરી છે. ગેરરીતિ કરી છે.

## રાજયમાં પાણીચોરોની ખૈર નથી : બે વર્ષની કેદની સજા

**બિલમાં દસ હજારથી લઇ બે લાખ સુધી જંગી દંડની પણ જોગવાઇ : પાણીચોરો ઉપર લગામ કસાશે : સૌરભ પટેલ**

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા સુધારા વિધેયક વિધાનસભા ગૃહમાં આજે પસાર કરવામાં આવ્યું હતું. કેનાલમાંથી પાણી ચોરી અને કેનાલમાં થતાં નુકસાનને અટકાવવા રાજ્ય સરકારનું વિધાનસભામાં સુધારા વિધેયક ગૃહમાં પસાર થઈ ગયું. આ વિધેયકમાં સજા અને દંડમા વધારો કરાયો છે. આ અંગે ઊર્જા મંત્રી સૌરભ પટેલે કહ્યું કે, આ બિલ પાણી ચોરો ઉપર નિયંત્રણ લાવશે. નવા વિધેયકમાં પાણી ચોરી કે તેને લગતી પ્રવૃત્તિના કેસમાં બે વર્ષની કેદ સુધીની સજાની જોગવાઈ કરાઈ છે. જયારે રૂ.દસ હજારથી લઈ બે લાખ રૂપિયા સુધીના દંડની પણ જોગવાઈ ઉમેરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉના કાયદામાં, જુની જોગવાઈ મુજબ નહેરને નુકસાનકારક કામગીરી બદલ અગાઉ ત્રણ થી છ મહિના સુધી કેદની સજા અને પાંચથી દસ હજાર રૂપિયાના દંડની જોગવાઈ હતી પરંતુ તે હવે સુધારી વધુ આકરી અને સખત બનાવવામાં આવી છે. આ વિધેયક અંગે ઊર્જામંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર છેલ્લા ઘણાં વર્ષોથી ખેડૂતોને પાણી મળે તે માટે ચિંતા કરે છે. સુજલામ સુફલામ, નર્મદા સહિત અનેક યોજનાઓથી પાણી પહોંચાડ્યું છે. દોઢથી બે લાખ કરોડ રૂપિયાના ખર્ચે પાણી પહોંચાડ્યું છે. જેનો સીધો લાભ ખેડૂતોને મળ્યો છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com